# ધોરણ 12 સામાન્ય પ્રવાહ પછી શું?

## READY RECKONER

BCA | BBA | B.Com. | B.Voc. | BSW | BA | LLB | CA | CS

**IMPORTANT**

ધોરણ–12 સામાન્ય પ્રવાહ પછી અભ્યાસ માટેના વિવિધ વિકલ્પો ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થીએ નિર્ણય લેવો પડે છે કે ક્યો કોર્ષ પસંદ કરવો કે જેથી આવનારા 30 થી 40 વર્ષની કેરિયર પોતાની પસંદગીના ફીલ્ડમાં બનાવી શકાય. વિદ્યાર્થીમિત્રો, આ તમારી જીંદગીનો સૌથી અગત્યનો નિર્ણય છે માટે શાંતિથી વિચારીને, સમજણપૂર્વક માહિતીનો અભ્યાસ કરીને, ભવિષ્યને ધ્યાનમાં લઈને નિર્ણય કરવો જોઈએ.

**આ બુકલેટમાં આપેલી માહિતી તમને સાચો નિર્ણય લેવામાં મદદરૂપ થશે...**

## કોર્ષની પસંદગી કેવી રીતે કરવી?

વિદ્યાર્થીમિત્રો, નીચેના 3 પરીબળોને આધારે જો તમે કોર્ષની પસંદગી કરશો તો કેરીયરમાં સરળતાથી સફળતા મેળવી શકશો.

- **ધોરણ-12માં શું રીઝલ્ટ આવે છે અને કેવી કેરીયર બનાવવી છે.**
- **આપણા દેશમાં ક્યા ક્ષેત્રોમાં સુવર્ણ તકો છે અને હજી ભવિષ્યમાં વધારે સર્જાશે.**
- **કુટુંબની આર્થિક પરિસ્થિતિના આધારે.**

### મારે બધાથી અલગ કરવું છે તો શું કરૂ?

આજકાલ ઘણાબધા વાલી અને વિદ્યાર્થીઓ એવું માને છે કે જીવનમાં સફળ થવા માટે બધાથી અલગ કરવુ જરૂરી છે. હકીકતમાં બધાથી અલગ નહી પણ બધાથી સારૂકરવાનું હોય છે. જો બીજા કરતા સારો દેખાવ કરશો તો આપમેળે અલગ તરી આવશો અને દુનીયામાં ટોપ પર પહોંચી જશો.

**વાલી અને વિદ્યાર્થીઓને ખાસ નિવેદન છે કે આપણા શહેર, રાજ્ય કે દેશમાં જેની માંગ હોય તેને લગતો જ અભ્યાસક્રમ પસંદ કરવો જોઈએ.**

### કેરીયરના પ્રકાર

| વારસાગત (Hereditary) | પ્રતિભાગત (Talent) | અભ્યાસગત (Education) |
|---|---|---|
| સોની, દરજી, સુથાર, લુહાર, વણકર વગેરે વારસાગત વ્યવસાય છે જેના માટે માત્ર બેઝીક ભણતર જ જરૂરી છે. 1-2 વર્ષના અનુભવથી કેરીયરની શરૂઆત કરી શકાય છે. | ક્રિકેટર, એક્ટર, સીંગર, ડાન્સર વગેરે કુદરતી બક્ષીસ આધારીત કેરીયર છે જે કરોડમાં એકને જ હોય છે. ફક્ત ટ્રેનીંગ કે અભ્યાસથી આ કેરીયર બનાવી શકાતી નથી. | ડોક્ટર, એન્જીનીયર, ટીચર, વકીલ, CA વગેરે કેરીયર અભ્યાસથી બનાવી શકાય છે. કોઈપણ વિદ્યાર્થી મહેનત કરીને આ ક્ષેત્રોમાં ટોચ પર પહોંચી બેસ્ટ કેરીયર બનાવી શકે છે. |

## NEW INDIAમાં દરેક ક્ષેત્રમાં દિવસે ને દિવસે તકો વધી રહી છે ....




Sector-wise GDP of India in 2020-21

- ભારતમાં કોઈપણ ક્ષેત્રમાં જબરદસ્ત તકો રહેલી છે, ખાસ કરીને સર્વિસ સેકટરમાં.
- આપણા દેશના કુલ GDPમાં અડધા કરતાં પણ વધારે ફાળો સર્વિસ સેકટરનો રહેલો છે અને ધોરણ–12 સામાન્ય પ્રવાહ બાદના મોટા ભાગના અભ્યાસક્રમો કર્યા પછી સર્વિસ સેકટરમાં નોકરીની પુષ્કળ તકો રહેલી છે.
- આ ઉપરાંત આપણા દેશમાં ટેક્સનું કલેક્શન (ઈન્કમટેક્સ અને જીએસટી) દર વર્ષે વધી રહ્યું છે એટલે કે બિઝનેસ અને પ્રોફીટ બંને વધી રહ્યા છે. વર્ષ 2021 સુધીમાં 63,613 જેટલા નવા સ્ટાર્ટ–અપ શરૂ થયા છે અને એમણે અંદાજિત 5,50,000 થી વધુ નવી નોકરીની તકો ઊભી કરેલી છે.

**આજના યુગનો વિદ્યાર્થી ખરેખર નસીબદાર છે કારણકે આપણાં દેશમાં દરેક ફિલ્ડમાં અઢળક તકો રહેલી છે અને નવી નવી દિશાઓ ખૂલી રહી છે. વિદ્યાર્થી કોઈપણ કોર્ષમાં મહેનત, લગન અને ધૂનથી અભ્યાસ કરીને સારું નોલેજ અને સ્કીલ મેળવે તો સરળતાથી ઉજ્વળ કારકિર્દી બનાવી શકે છે. જરૂરીયાત છે માત્ર ફોક્સ્ડ રહીને કામ કરવાની.**

# ધોરણ 12 સામાન્ય પ્રવાહ પછીના અભ્યાસક્રમો

**ધોરણ 12 સામાન્ય પ્રવાહ (કોમર્સ/આર્ટ્સ) પછી વિદ્યાર્થીઓ નીચે મુજબના કોર્ષમાં એડમિશન મેળવી શકે છે અને તેને અનુરૂપ કેરીયર બનાવી શકે છે.**

## ધો. 12 સામાન્ય પ્રવાહ

### BCA
આઈ.ટી. ક્ષેત્રમાં સોફ્ટવેર પ્રોગ્રામર, ડેવલોપર, ડીઝાઈનર, ટેસ્ટર, વગેરે માટે

### BBA
ફાયનાન્સ, માર્કેટિંગ, HR, બેન્કિંગ કંપનીઓમાં જોબ માટે

### B.Com.
એકાઉન્ટિંગ, ટેક્સેશન, ફાયનાન્સ, અને બેન્કિંગ ફિલ્ડમાં કેરીયર માટે

### B.Voc.
સ્કીલ મેળવીને ઈન્ડસ્ટ્રીઝમાં ટેકનીશીયન બનવા માટે

### BSW
સમાજ–સેવા, સામાજિક કાર્ય અને CSR/NGOમાં કેરીયર માટે

### BA
સ્કુલ, કોલેજ અને યુનિવર્સીટીમાં શિક્ષક કે પ્રોફેસર બનવા માટે

### LLB
કાયદાના ક્ષેત્રમાં કેરીયર માટે

### CS
સેક્રેટરી, રજીસ્ટ્રાર, લીગલ એડવાઈઝર જેવી કેરીયર માટે

### CA
એકાઉન્ટિંગ, ઓડીટ અને ફાયનાન્સ ક્ષેત્રમાં કેરીયર માટે

**ધો.–12 સામાન્ય પ્રવાહ પછી 90% વિદ્યાર્થીઓ BBA / BCA / B.Com. / BA માં એડમિશન મેળવે છે.**

## BCA (Bachelor of Computer Application)

**About Course:**

BCAમાં કોમ્પ્યુટર ફંડામેન્ટલ્સ, સોફ્ટવેર, વેબસાઇટ તથા મોબાઈલ પ્રોગ્રામિંગ, સિસ્ટમ એનાલિસીસ, ડેટાબેઝ સિસ્ટમ, ઇન્ફોર્મેશન સિક્યોરિટી વગેરે જેવા વિષયોનો અભ્યાસ કરવાનો હોય છે. આપણો દેશ સોફ્ટવેર ડેવલોપમેન્ટમાં World No. 1 છે. હવે Tier-II Citiesમાં પણ ઘણી બધી આઈ.ટી. કંપનીઓ કામ કરી રહી છે જેમ કે રાજકોટમાં 500+ આઈ.ટી. કંપનીઓમાં 5,000 કરતા પણ વધારે આઈ.ટી પ્રોફેશનલ્સ સારા પગારે જોબ કરે છે. IT સેક્ટરમાં સફળ કારકિર્દી બનાવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે આ કોર્ષ ખુબ ઉપયોગી છે. ખાસ કરીને Girl Students માટે સરળતાથી સફળ પ્રોફેશનલ કેરીયર બનાવવા માટે BCA બેસ્ટ ઓપ્શન છે.

**Career Options:**

- મુખ્યત્વે BCA ગ્રેજ્યુએટસ આઈ.ટી. કંપનીમાં ડેવલોપર (સોફ્ટવેર, વેબસાઈટ, મોબાઈલ એપ), સપોર્ટ એક્ઝિક્યુટિવ, એડમિનિસ્ટ્રેટર (ડેટાબેઝ, નેટવર્ક, સિક્યુરીટી), બિઝનેસ ડેવલોપર એક્ઝિક્યુટિવ તરીકે કામ કરે છે.
- હવેના જમાનામાં કોમ્પ્યુટરનો ઉપયોગ કુદકે અને ભૂસકે વધી રહ્યો છે ત્યારે BCA ગ્રેજ્યુએટ્સ માટે ઘરઆંગણે પણ અઢળક તકો ઉભરી રહી છે.
- મોટાભાગની ઇન્ડસ્ટ્રીઝમાં બિઝનેસ પ્રોસેસ સરળતાથી ચલાવવા માટે વિવિધ પ્રકારના સોફ્ટવેર જેવા કે ERP, MIS, CRM, Mobile Apps વગેરેનો ઉપયોગ થાય છે. આ સોફટવેરના ડેવલોપમેન્ટ, સપોર્ટ, ઓપરેટીંગ માટે બહોળા પ્રમાણમાં BCA ગ્રેજ્યુએટસની જરૂરીયાત પડે છે.
- પ્રાઈવેટ સેક્ટરની Non-IT કંપનીઓની ઓફીસમાં કોમ્પ્યુટર મેનેજમેન્ટ, ડેટાબેઝ મેનેજમેન્ટ, એડમિનિસ્ટ્રેશન વગેરેમાં પણ નોકરીની ઘણી તકો રહેલી છે.
- વિદ્યાર્થીઓ ફ્રી-લાન્સિંગ દ્વારા પોતાનો સ્વતંત્ર બિઝનેસ પણ શરૂ કરી શકે છે.
- આ ઉપરાંત ધોરણ-1 થી કોલેજ સુધીના તમામ અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર ટીચર બનવા માટેનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે.

**Further Study:**

BCA પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓ MCAની ડિગ્રી મેળવીને કોમ્પ્યુટર એન્જીનીયરને સમકક્ષ બની શકે છે.

**Job Roles:**

- વેબ ડેવલોપર
- સોફ્ટવેર ડેવલોપર
- મોબાઇલ એપ ડેવલોપર
- સોફ્ટવેર ટેસ્ટર
- સિસ્ટમ એડમિનિસ્ટ્રેટર
- કોમ્પ્યુટર એપ્લિકેશન એક્સપર્ટ
- ડેટા એનાલિસ્ટ
- ઇન્ફોર્મેશન સિસ્ટમ મેનેજર
- ડેટાબેઝ એડમિનિસ્ટ્રેટર
- કોમ્પ્યુટર સિસ્ટમ એનાલિસ્ટ
- ચીફ ઇન્ફોર્મેશન ઓફીસર
- સિસ્ટમ એન્જીનીયર
- કન્ટેન્ટ રાઈટર
- ડીજીટલ માર્કેટીંગ



## ધો.-12 સામાન્ય પ્રવાહ પછી ગર્લ્સ માટે ક્યો વિકલ્પ ઉત્તમ છે?

### BCA / MCA, કારણકે તે સરળતાથી સ્વનિર્ભર થઇ શકે છે.



- **નેક્સ્ટ જનરેશન ડિજિટલ મધર** બનવા માટે, ભવિષ્યમાં ખુબ જ અગત્યની બાબત બની રહેશે.
- **સોફ્ટ બ્રાન્ચ, ફક્ત ઓફિસ જોબ,** સાઇટ પર જવાનું કે ફિઝીકલ વર્ક હોતું નથી.
- **જેન્ડર(સ્ત્રી/પુરૂષ) ભેદભાવ વગરનું વર્ક કલ્ચર.** કોઈપણ આઇ.ટી કંપનીની ઓફિસમાં તમને બોયઝ અને ગર્લ્સનો રેશીયો લગભગ સરખો જોવા મળશે.
- **જો ટીચર બનવુ હોય તો** ધોરણ-1 થી કોલેજ સુધીના તમામ કોર્ષમાં વિપુલ તકો.
- **લોકલ ટુ ગ્લોબલ જોબ (રાજકોટ થી અમેરિકા સુધી).** રાજકોટમાં લગભગ 500 કરતાં વધારે IT કંપનીઓ છે, જેમાં 5,000 કરતાં વધારે આઇ.ટી પ્રોફેશનલ્સ કામ કરી રહ્યા છે. વિદેશમાં સ્થાયી થવા માટે પણ ઘણી સારી તકો છે.
- ફાઇનલ યરમાં **સરળતાથી સારા પગારે પ્લેસમેન્ટ** થઈ જાય છે અને પગાર વધારો પણ ઝડપી મળે છે.
- મોટા ભાગની આઈ.ટી કંપનીઓમાં **5 Days/Week (શનિ-રવિ રજા)** હોય છે અને **જોબ ટાઈમીંગ પણ ફ્લેક્સિબલ** હોય છે. વહેલા-મોડા આવી કે જઈ શકો છો.
- **માત્ર 3 વર્ષનો અભ્યાસક્રમ,** ફીનું ધોરણ એફોર્ડેબલ, સરળતાથી એડમિશન, વગેરે.

## BBA (Bachelor of Business Administration)

**About Course:**

BBA વિદ્યાર્થીઓને બિઝનેસ મેનેજમેન્ટ, ફાયનાન્સ, HR, બેન્કિંગ તેમજ માર્કેટિંગના કોન્સેપ્ટસ, થિયરી અને ફિલ્ડ વર્કનું નોલેજ આપે છે જે વિદ્યાર્થીમાં બિઝનેસ અને મેનેજમેન્ટને લગતા નિર્ણયો લેવાની સ્કીલ ડેવલોપ કરે છે. BBAમાં લેક્ચર્સ, પ્રેક્ટીકલ્સ, ગ્રુપ ડિસ્કશન, પ્રોજેક્ટ્સ, પ્રેઝન્ટેશન અને ઇન્ટર્નશીપ દ્વારા વિદ્યાર્થીઓમાં કોમ્યુનિકેશન તેમજ બિઝનેસ મેનેજમેન્ટના વિવિધ પાસાઓની સમજ કેળવવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને કોર્પોરેટ ક્ષેત્રમાં સફળ કેરીયર બનાવવા માટે મદદરૂપ થાય છે. ટુંકમાં, BBA વિદ્યાર્થીઓમાં નવો બિઝનેસ શરૂ કરવાની તેમજ બિઝનેસ સારી રીતે ચલાવવાની સોફ્ટ સ્કીલ્સ ડેવલોપ કરે છે.

**About Specializations:**

BBA / BBA Hons. અભ્યાસક્રમમાં ફાઇનાન્સ, માર્કેટિંગ, હ્યુમન રીસોર્સ (HR), ઇન્ટરનેશનલ બિઝનેસ, પ્રોડક્શન & ઓપરેશન મેનેજમેન્ટ, એન્ટરપ્રેન્યોરશીપ & ફેમિલી બિઝનેસ તેમજ બેન્કિંગ & ઇન્સ્યોરન્સ વગેરે જેવા વિષયોનો સમાવેશ થાય છે.

**Career Options:**

- બિઝનેસ અને કોર્પોરેટ મેનેજમેન્ટમાં આકર્ષક કારકિર્દી માટે BBA બેસ્ટ કોર્સ છે.
- વિવિધ સેક્ટર્સ જેવા કે બેન્કિંગ, ફાયનાન્સ, ઇન્સ્યોરન્સ, માર્કેટિંગ, રિક્રુટમેન્ટ, એજ્યુકેશન, મેન્યુફેક્ચરિંગ, રીટેઇલ, સ્ટાર્ટ–અપ વગેરેમાં જોબ માટેની પુષ્કળ તકો રહેલી છે. પ્રાઇવેટ સેક્ટરની મોટા ભાગની કંપનીઓમાં ફાયનાન્સ, માર્કેટિંગ અને HRને લગતી જોબ માટે બહોળી સંખ્યામાં BBA ગ્રેજ્યુએટસની જરૂરીયાત હંમેશા હોય છે.
- જે વિદ્યાર્થીઓ ભવિષ્યમાં પોતાનો બિઝનેસ શરૂ કરવા ઇચ્છતા હોય અથવા ફેમીલી બિઝનેસમાં જોડાવા ઇચ્છતા હોય એમના માટે પણ આ કોર્ષ ઉપયોગી છે.

**Further Study:**

BBA પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓ ફાયનાન્સ, માર્કેટીંગ, HR, બેન્કિંગ, ઇન્ટરનેશનલ બિઝનેસ, ઓપરેશન્સ, પ્રોડકશન્સ વગેરેમાં MBA કરી શકે છે. BBAના વિદ્યાર્થીઓ મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશનનું નોલેજ ધરાવતા હોવાથી એમના માટે MBAનો અભ્યાસક્રમ સરળ બની જાય છે.

**Job Roles:**

- ફાયનાન્સ મેનેજર
- બેક ઓફિસ એક્ઝિક્યુટિવ
- માર્કેટિંગ એક્ઝિક્યુટિવ
- સેલ્સ એક્ઝિક્યુટિવ
- HR ઓપરેશન મેનેજર
- એડમિન એક્ઝિક્યુટિવ
- બિઝનેસ એક્ઝિક્યુટિવ
- મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ
- ફાયનાન્શિયલ પ્લાનર
- સ્ટોક બ્રોકર

## B.Com. (Bachelor of Commerce)

**About Course:**

B.Comના અભ્યાસક્રમમાં મુખ્યત્વે એકાઉન્ટિંગ, કોર્પોરેટ ટેક્સ, ઇકોનોમિક્સ, કોર્પોરેટ લો, કંપની ઓડિટ, બિઝનેસ મેનેજમેન્ટ, વગેરેનો સમાવેશ થાય છે, જે બિઝનેસના ફાયનાન્સ અને એકાઉન્ટિંગનો આઇડીયા આપે છે. B.Com કર્યા બાદ કોમર્સ ફિલ્ડના મોટાભાગના વિકલ્પોમાં અવકાશ હોવાથી આ અભ્યાસક્રમ કોમર્સ સ્ટ્રીમનો સૌથી વધુ લોકપ્રિય અભ્યાસક્રમ છે.

**About Syllabus:**

આ અભ્યાસક્રમમાં એકાઉન્ટિંગ, ટેક્સેશન, ઑડિટિંગ, ફાયનાન્સ, બેન્કિંગ, બિઝનેસના લો, માર્કેટીંગ, HR, સ્ટેટેસ્ટિક્સ વગેરે જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ ફાયનાન્સીયલ ઇન્સ્ટીટ્યુટસ જેવી કે બેંક, મ્યુચ્યલ ફંડ, ઇન્સ્યોરન્સ, NBFC વગેરેનો પણ સમાવેશ થાય છે.

**Career Options:**

- આ કોર્ષમાં ગ્રેજ્યુએશન કર્યા બાદ વિદ્યાર્થીઓ પાસે પ્રાઇવેટ સેક્ટરમાં કારકિર્દી બનાવવા માટે પુષ્કળ તકો રહેલી છે. વિદ્યાર્થીઓ બેંક, ઇન્સ્યોરન્સ, ફાયનાન્સ તેમજ વિવિધ કોર્પોરેટ સેક્ટરમાં ખુબ જ સારી કારકિર્દી બનાવી શકે છે.
- નાના કે મોટા કોઇપણ બિઝનેસને એકાઉન્ટીંગ કરવા માટે B.Com ગ્રેજ્યુએટ્સની જરૂર પડે છે.
- આ કોર્ષમાં બેન્કિંગ, ફાયનાન્સ, એકાઉન્ટિંગ અને ટેક્સેશન જેવા વિષયોનો અભ્યાસ આવતો હોવાથી જે વિદ્યાર્થીઓ પોતાનો બિઝનેસ શરૂ કરવા ઇચ્છતા હોય અથવા તો ફેમિલી બિઝનેસમાં જોડાવા ઇચ્છતા હોય તેમના માટે આ કોર્ષ ખૂબ જ ઉપયોગી છે.

**Further Study:**

ભવિષ્યમાં M.Com., MBA, CA, CS, CFA, CMA, CPA કરવા ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે પણ આ કોર્ષ ખુબ જ ઉપયોગી છે તેમજ ગ્રેજ્યુએશન પછી આવતી તમામ સરકારી નોકરીઓની તકો રહેલી છે.

**Job Roles:**

- એકાઉન્ટન્ટ
- ટેક્સ કન્સલ્ટન્ટ
- ઇન્સ્યોરન્સ કન્સલ્ટન્ટ
- બેન્કર
- પોર્ટફોલિયો આસિસ્ટન્ટ
- સેલ્સ એક્ઝિક્યુટિવ
- કોસ્ટ એસ્ટીમેટર
- બજેટ એનાલિસ્ટ
- ફાયનાન્શિયલ પ્લાનર
- સ્ટોક બ્રોકર

## B.Voc. (Bachelor of Vocation)

**About Course:**

B.Voc. સ્કીલ આધારીત કોર્ષ છે જે થિયરીટીકલ નોલેજને બદલે ડાયરેક્ટ એપ્લીકેશન આધારીત હોય છે. હેલ્થકેર, મેન્યુફેક્ચરિંગ, ઓટોમોબાઇલ, ટુરીઝમ, એગ્રીકલ્ચર, માર્કેટિંગ, ગ્રાફિક ડીઝાઇન અને પ્રિન્ટીંગ, બ્યુટી અને વેલનેસ વગેરે જેવી વિવિધ ઇન્ડસ્ટ્રીઝની કાર્યશૈલી અને સ્કીલની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને કોર્ષ ડિઝાઈન કરવામાં આવે છે. આ કોર્ષ વિદ્યાર્થીને ઈન્ડસ્ટ્રી-રેડી બનાવે છે જેથી કોર્ષ પૂર્ણ કર્યા બાદ તરત જ જોબ મળી જવાની શક્યતાઓ વધી જાય છે.

**About Specializations:**

આ કોર્ષમાં વિદ્યાર્થીઓને સ્પેશ્યલાઈઝેશન માટે ઘણા બધા વિષયોના ઓપ્શન ઉપલબ્ધ છે જેવા કે પેરા મેડિકલ એન્ડ હેલ્થ એડમિનિસ્ટ્રેશન, રિન્યુએબલ એનર્જી મેનેજમેન્ટ, વેબ ટેકનોલોજી એન્ડ મલ્ટીમીડિયા, ફેશન ટેકનોલોજી એન્ડ ગાર્મેન્ટ ડિઝાઈનિંગ, ફેશન ડિઝાઈનિંગ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, લોજિસ્ટિક મેનેજમેન્ટ, જ્વેલરી ડિઝાઈનિંગ, ડેટા એન્ડ વેબ ઍનાલિટિક્સ, એનિમેશન, ગ્રાફિક ડિઝાઇન, પ્રિન્ટિંગ ટેકનોલોજી, ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી, કેટરિંગ ટેકનોલોજી એન્ડ હોટેલ મેનેજમેન્ટ, ઇન્ડસ્ટ્રીયલ ઓટોમેશન, ઓટોમોબાઇલ સર્વિસીંગ, બેન્કિંગ અને ફાઇનાન્સ, ટ્રાવેલ અને ટુરીઝમ, મોબાઇલ કોમ્યુનીકેશન વગેરે.

**Career Options:**

- B.Voc. ઈન્ડસ્ટ્રીલક્ષી કોર્ષ હોવાને લીધે હેલ્થકેર, મેન્યુફેક્ચરિંગ, ઓટોમોબાઇલ, ટુરીઝમ, એગ્રીકલ્ચર, માર્કેટિંગ, ગ્રાફિક ડીઝાઇન અને પ્રિન્ટીંગ, બ્યુટી અને વેલનેસ વગેરે જેવી વિવિધ કંપનીઓમાં જોબની વિપુલ તકો રહેલી છે.
- B.Voc. પૂર્ણ કર્યા બાદ ટુલ રૂમ આસિસ્ટન્ટ, રેસ્ટોરન્ટ મેનેજર, ટ્રેનીંગ ઓફીસર, લેબોરેટરી આસિસ્ટન્ટ તરીકે જોબની તકો રહેલી છે.
- કોઈ એક ક્ષેત્રમાં નિપુણ થયા બાદ પોતાનો બિઝનેસ પણ શરૂ કરી શકાય છે.

**Further Study:**

B.Voc. પૂર્ણ કર્યા બાદ માસ્ટર ઓફ વોકેશન (M.Voc.) કે માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (MBA) પણ કરી શકાય છે.

**Job Roles:**

- ટેક્નિશિયન
- ફૂડ ટેક્નોલોજિસ્ટ
- ટ્રેઈનર
- એન્જીનીયર
- ઓર્ગેનિક કેમિસ્ટ
- બાયોકેમિસ્ટ
- એકાઉન્ટન્ટ
- હેલ્થ વર્કર
- આસિસ્ટન્ટ પેથોલોજીસ્ટ
- ફાર્મસી આસિસ્ટન્ટ
- હેલ્થકેર ટેક્નીશ્યન
- રેસ્ટોરન્ટ મેનેજર
- ટ્રેનીંગ ઓફીસર

## BSW (Bachelor of Social Work)

**About Course:**

BSW સમાજ-સેવાને (Social Service & Social Welfare) સંબંધિત કોર્ષ છે. સામાજિક કાર્યમાં રસ-રૂચી ધરાવતા તેમજ ખાસ કરીને ગ્રામ્ય કક્ષાએ સામાજિક કાર્ય અંગેની કારકિર્દી ઘડવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી કોર્ષ છે. પછાત, રોગી, ગરીબ, હિંસાગ્રસ્ત, કુદરતી આપતીનો ભોગ બનેલા લોકોની સેવા કરવાની તક મળે છે.

**About Syllabus:**

BSW અભ્યાસક્રમમાં માનવ વિકાસ, સામાજિક કાર્ય સંશોધન અને વિશ્લેષણ, વિચારધારા અને સામાજિક કાર્ય નીતિશાસ્ત્ર, પુનર્વસન, ગરીબી ઘટાડો, કોર્પોરેટ સામાજિક જવાબદારીઓ, સામાજિક કાયદો અને મજૂર કલ્યાણ વગેરે જેવા વિષયોનો અભ્યાસ આવે છે.

**Career Options:**

- BSW કોઈ પરંપરાગત કારકિર્દી નથી. આપાતકાલીન પરિસ્થિતિમાં પણ ખરેખર સખત મહેનત તેમજ સમાજસેવા કરવાની ઈચ્છા ધરાવતા વિદ્યાર્થીઓએ જ આ કોર્ષ પસંદ કરવો જોઈએ.
- મોટી કંપનીઓ પોતાની સામાજિક જવાબદારી (CSR) અદા કરવા માટે BSW કે MSW થયેલા વિદ્યાર્થીઓને જોબ પર રાખે છે. આ ઉપરાંત, બિનસરકારી સંસ્થાઓ (NGO)માં સંચાલન, વહીવટ તેમજ કાર્યક્રમ અમલીકરણ માટે પણ નોકરીની અનેક તકો રહેલી છે.
- BSW બાદ સરકારમાં સમાજ કલ્યાણ અધિકારી, સમાજ સુરક્ષા અધિકારી, વુમન અને ચાઇલ્ડ ડેવલોપમેન્ટ વિભાગમાં, સરકારી હોસ્પિટલોના PSM (Preventive & Social Medicine) વિભાગોમાં, યુનાઈટેડ નેશન્સ સંચાલિત કાર્યક્રમોમાં તેમજ કોર્પોરેશન અને નગરપાલિકાઓમાં વિવિધ હોદ્દાઓ પર નોકરી મળવાની શક્યતાઓ છે.

**Further Study:**

BSW પૂર્ણ કર્યા બાદ અનુસ્નાતક કક્ષાએ માસ્ટર ઓફ સોશિયલ વર્ક (MSW) તેમજ MBA કરી શકાય છે.

**Job Roles:**

- મજૂર કલ્યાણ નિષ્ણાંત
- ક્રિમિનોલોજી નિષ્ણાંત
- પ્રોબેશન ઓફિસર
- સુપ્રીટેન્ડન્ટ
- સામાજિક કાર્યકર
- કાઉન્સેલર
- શિક્ષક

## BA (Bachelor of Arts)

**About Course:**

BA લિબરલ સ્ટડીઝનો કોર્ષ છે. જેમાં મુખ્યત્વે ઈતિહાસ, લિટરેચર (ભાષા, કવિતા, લેખન), પરફોર્મીંગ આર્ટસ (ડાન્સિંગ, સિન્ગીંગ, પ્લેયીંગ ઈન્સ્ટ્રુમેન્ટ), ફાઈન (વિઝ્યુઅલ) આર્ટસ (પેઈન્ટિંગ, ફોટોગ્રાફી, સ્કલ્પચર, વગેરે), હોમ સાયન્સ (ફૂડ, ન્યુટ્રીશન, કલોથીંગ) વગેરેનો સમાવેશ થાય છે. સારી ક્રિએટિવિટી અને નેચરલ ટેલેન્ટ ધરાવતા વિદ્યાર્થીઓ કે જેમને વિવિધ આર્ટસમાં રસ છે તેમના માટે BA એક સારો વિકલ્પ છે.

**About Syllabus:**

આ અભ્યાસક્રમમાં વિવિધ વિષયોરૂપી અનેક વિકલ્પો હોય છે જેમ કે ભાષા (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી), અર્થશાસ્ત્ર, ફિલોસોફી, સાહિત્ય, સાયકોલોજી (મનોવિજ્ઞાન), જર્નાલિઝમ, પોલિટિકલ સાયન્સ, ફોરેન લેંગ્વેજીસ, વગેરે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ પોતાની રૂચીને અનુરૂપ વિષયો પણ પસંદ કરી શકે છે.

**Career Options:**

- BA - B.Ed કરેલ વિદ્યાર્થીઓને પ્રાથમિક અને માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી મળી શકે છે. જેમના માટે ટીચર્સ એપ્ટિટ્યુડ ટેસ્ટ (TAT) અને ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ (TET) પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે.
- કોલેજ અને યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે પણ સારી તકો છે.
- આ ઉપરાંત કંપનીઓમાં બ્લોગર, એડિટર, એડ્વર્ટાઈઝીંગ રાઈટર, સ્ક્રિપ્ટ રાઈટર, કન્ટેન્ટ રાઈટર વગેરે જેવી નોકરીની તકો રહેલી છે.
- આ સિવાય વિવિધ અખબારો અને બિઝનેસ ચેનલોમાં ન્યુઝ રીપોર્ટર, જર્નાલિસ્ટ, એડિટર જેવી પોસ્ટ માટે પણ BA ગ્રેજ્યુએટસની જરૂરીયાત હોય છે.
- આ અભ્યાસક્રમ પ્રમાણમા સરળ હોવાથી ગ્રેજયુએશન બાદ સ્પર્ધાત્મક પરીક્ષા આપીને સરકારી / અર્ધસરકારી નોકરી મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે ફાયદારૂપ છે.

**Job Roles:**

- અધ્યાપક
- કન્ટેન્ટ રાઈટર
- ટ્રાન્સલેટર
- બેક ઓફિસ એક્ઝિક્યુટિવ
- જર્નાલિસ્ટ
- સાઈકોલોજીસ્ટ
- ઈતિહાસકાર
- આર્કીયોલોજીસ્ટ
- ન્યુઝ રીપોર્ટર
- બ્લોગર

**Further Study:**

BA કર્યા બાદ વિદ્યાર્થીઓ B.Ed, MBA, MFA તેમજ MAનો કોર્ષ કરી શકે છે.

## LLB (Bachelor of Legislative Law)

**About Course:**

કાયદાના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે LLBની ડિગ્રી મેળવવી ફરજીયાત છે. ધોરણ–12 પછી 5 વર્ષનો ઈન્ટિગ્રેટેડ પ્રોગ્રામ છે જયારે ગ્રેજ્યુએશન થયેલા વિદ્યાર્થીઓ માટે LLBનો સમયગાળો 3 વર્ષનો હોય છે. લો ડિગ્રી મેળવ્યા બાદ એક વર્ષનું પ્રોબેશન કર્યા બાદ બાર કાઉન્સીલમાં નામ નોંધાવી દેશમાં કોઈપણ સ્થળે વકીલાત કરવાની મંજૂરી મેળવી શકાય છે

**About Syllabus:**

આ કોર્ષમાં લેબર લો, સિવિલ પ્રોસીજર, માનવાધિકાર, કાનુની, ફોજદારી તેમજ અન્ય વિવિધ કાયદાઓની સમજ આપતા વિષયોનો અભ્યાસ કરવામાં આવે છે.

**Career Options:**

- LLB બાદ મેજિસ્ટ્રેટ પણ બની શકાય છે. આ ઉપરાંત અનુભવ પછી સરકારી વકીલ તેમજ બહોળા અનુભવ પછી દેશમાં મહત્વના ગણાતા એડવોકેટ જનરલ, એટર્ની જનરલ, સોલીસીટર જનરલ, ચીફ જસ્ટીસ, વગેરે જેવા હોદ્દાઓ પણ મેળવી શકાય છે.
- મોટા ભાગની સરકારી કચેરીઓમાં LLB ગ્રેજ્યુએટ્સની કાનૂની સલાહકાર તરીકે નિમણૂક થતી હોય છે.
- નામાંકિત વકીલોની પેઢીમાં તેમજ મલ્ટીનેશનલ કંપનીઓમાં કંપની વતી કાયદાકીય પ્રશ્નો હલ કરવા વકીલોની જરૂરીયાત હોય છે.
- બેન્કિંગ ઈન્સ્યોરન્સ અને ફાયનાન્સ સેકટરમાં પણ જોબની તકો બહોળા પ્રમાણમાં હોય છે.
- LLB થયા બાદ થોડા વર્ષોનો અનુભવ મેળવી પ્રાઈવેટ પ્રેક્ટીસ પણ શરૂ કરી શકાય છે.

**Job Roles:**

- કાયદાકીય વ્યવસ્થાપક
- એટર્ની
- વકીલ
- જનરલ કાઉન્સેલર
- કાનૂની સલાહકાર
- સરકારી વકીલ
- કાનૂની બાબતોના મેનેજર
- કાનૂની અધિકારી
- લો કોલેજમાં પ્રોફેસર

**Further Study:**

કોર્પોરેટ લો, ઈન્ટરનેશનલ લો, ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી લો, સિવિલ લો, ક્રિમિનલ લો, વગેરે વિષયોમાં માસ્ટર ઓફ લો (LLM) કરી કાયદાના વિષયમાં સ્પેશ્યાલિસ્ટ બની શકાય છે.

- **નોંધ: દેશની 23 નેશનલ લો યુનિવર્સિટીઝના અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ પ્રોગ્રામમાં એડમીશન માટે કોમન લો એડમિશન ટેસ્ટ (CLAT)ની પરીક્ષા આપવાની હોય છે.**

## CA (Chartered Accountant)

**About Course:**

આ કોર્ષ ફાયનાન્સ અને એકાઉન્ટિંગને લગતો પ્રોફેશનલ કોર્ષ છે. CAનુ નિયમન ICAI, New Delhi દ્વારા કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને એકાઉન્ટિંગ ગમતું હોય, ફાયનાન્સમાં રસ હોય અને ધીરજ રાખીને આર્ટિકલશિપ કરી શકે તેમ હોય તેમના માટે CA એક ઉત્તમ વિકલ્પ છે.

આ અભ્યાસક્રમમાં 3 લેવલ હોય છે. (1) CA ફાઉન્ડેશન (2) CA ઈન્ટરમિડીયેટ અને (3) CA ફાઈનલ. ધોરણ–12 પછી ફાઉન્ડેશન કોર્ષમાં રજિસ્ટ્રેશન કરાવી શકાય છે. ત્યારબાદ ઈન્ટરમિડીયેટ અને પછી ફાઈનલની પરીક્ષા પાસ કરવાની હોય છે. અંદાજીત 5 થી 6 વર્ષનો સમય લાગે છે. ગ્રેજ્યુએશન પછી ફાઉન્ડેશન કોર્ષ કરવાનો હોતો નથી. ડાયરેક્ટ ઈન્ટરમિડીયેટ કોર્ષમાં રજિસ્ટ્રેશન કરી શકાય છે જેમાં અંદાજીત 4 વર્ષનો સમય લાગે છે.

ફાઈનલ પરીક્ષાનું રિઝલ્ટ માત્ર 7-8% જેટલુ જ આવે છે. ગુજરાતમાંથી દર વર્ષે અંદાજિત 500 વિદ્યાર્થીઓ CAની ફાઈનલ પરીક્ષા પાસ કરે છે.

**About Syllabus:**

CA અભ્યાસક્રમમાં એકાઉન્ટીંગ, બિઝનેસ લો, બિઝનેસ મેથેમેટીક્સ, બિઝનેસ ઈકોનોમિક્સ, ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ, ટેક્સેશન, કોર્પોરેટ લો વગેરે વિષયોનો સમાવેશ થાય છે.

**Career Options:**

- પ્રાઈવેટ સેક્ટરની લગભગ બધી જ કંપનીઓમાં ટેક્સ અને એકાઉન્ટ્સના મેનેજમેન્ટ માટે CAની જરૂરિયાત હોય છે.
- પબ્લિક સેક્ટર બેંક કે કોઈ પણ સરકારી સંસ્થાઓમાં ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ અને એકાઉન્ટિંગ તેમજ ટેક્સને લગતા કામો માટે અનુભવી CA ની જરૂરિયાત હોય છે.
- CA થયા બાદ પ્રાઈવેટ કન્સલ્ટન્સી પણ શરૂ કરી શકાય છે.

**Further Study:**

CA પૂર્ણ કર્યા બાદ કોમર્સ અને મેનેજમેન્ટ વિષયમાં Ph.D. કરી શકાય છે.

**Job Roles:**

- એકાઉન્ટન્ટ
- ફાયનાન્શિયલ પ્લાનર
- બેન્કર
- કરવેરા સલાહકાર
- કોલેજ/યુનિવર્સીટી પ્રોફેસર
- ઓડીટર
- પ્રાઈવેટ કન્સલટન્ટ
- કોસ્ટ એસ્ટિમેટર
- બજેટ એનાલિસ્ટ
- મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ

## CS (Company Secretary)

**About Course:**

CS કંપની લો અને વહીવટી કાર્યને લગતો પ્રોફેશનલ કોર્ષ છે. આ કોર્ષનું નિયમન ICSI (ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા) દ્વારા કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને કાયદાકીય અને વહીવટી વિષયો ગમતા હોય અને ધીરજ રાખીને ઈન્ટર્નશિપ કરી શકે તેમના માટે CS એક ઉત્તમ વિકલ્પ છે.

આ અભ્યાસક્રમમાં 3 લેવલ હોય છે. (૧) CS ફાઉન્ડેશન (૨) CS એક્ઝિક્યુટિવ અને (૩) CS ફાઈનલ. ધોરણ 12 પછી ફાઉન્ડેશન કોર્ષમાં રજિસ્ટ્રેશન કરાવી શકાય છે. ત્યારબાદ એક્ઝિક્યુટિવ અને પછી ફાઈનલની પરીક્ષા પાસ કરવાની હોય છે. અંદાજીત 5 થી 6 વર્ષનો સમય લાગે છે. ગ્રેજયુએશન પછી ફાઉન્ડેશન કોર્ષ કરવાનો હોતો નથી. ડાયરેક્ટ એક્ઝિક્યુટિવ કોર્ષમાં રજિસ્ટ્રેશન કરી શકાય છે જેમાં અંદાજીત 4 વર્ષનો સમય લાગે છે.

ફાઈનલ પરીક્ષાનું રિઝલ્ટ માત્ર 5-8% જેટલુ જ આવે છે.

**About Syllabus:**

CS અભ્યાસક્રમમાં બિઝનેસ મેનેજમેન્ટ, એથીક્સ, કેપિટલ માર્કેટ, મેનેજમેન્ટ એકાઉન્ટીંગ, બિઝનેસ લો, બેન્કિંગ લો, કોર્પોરેટ લો, બિઝનેસ ઈકોનોમિક્સ, ઓડીટીંગ, HRM, ઈન્ટરનેશનલ લો, ઈન્ટરનેશનલ ટ્રેડ, ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ, જોઈન્ટ વેન્ચર વગેરે વિષયોનો સમાવેશ થાય છે.

**Career Options:**

- મોટાભાગની કંપનીઓમાં કાયદાકીય અને વહીવટી કાર્યો માટે CSની જરૂરિયાત હોય છે.
- પબ્લિક સેક્ટર બેંક કે કોઈપણ સરકારી સંસ્થાઓમાં કાયદાકીય, વહીવટી, ડોક્યુમેન્ટેશન, કોર્પોરેટ ગવર્નન્સ અને ધંધાકીય તથા સરકારી વ્યવહારો જેવા કાર્યો માટે અનુભવી CSની જરૂરિયાત હોય છે.
- બીઝનેસ લો અને કો–ઓપરેટીવ લો, શેર માર્કેટ, ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ, કોર્પોરેટ ગવર્નન્સ, કન્ઝ્યુમર પ્રોટેક્શન લો, ઈન્સ્યોરન્સ અને કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સીબીલીટી વગેરે જેવા ક્ષેત્રોમાં પણ સારી કેરીયર બનાવી શકાય છે.
- CS થયા બાદ પ્રાઈવેટ કન્સલ્ટન્સી પણ શરૂ કરી શકાય છે.

**Further Study:**

CS પૂર્ણ કર્યા બાદ કોમર્સ અને મેનેજમેન્ટ વિષયમાં Ph.D. કરી શકાય છે.

**Job Roles:**

- કંપની સેક્રેટરી
- આસિસ્ટન્ટ બોર્ડ ઓફ ડાયરેક્ટર
- કંપની રજીસ્ટ્રાર
- લીગલ એડવાઈઝર
- ચીફ એડમિનિસ્ટ્રેટર
- પ્રિન્સીપાલ સેક્રેટરી
- એડમિનિસ્ટ્રેટીવ સેક્રેટરી
- મેનેજીંગ ડાયરેક્ટર
- કોલેજ/યુનિવર્સીટી પ્રોફેસર
- કરવેરા સલાહકાર
- પ્રાઈવેટ કન્સલટન્ટ
- ઈન્વેસ્ટમેન્ટ મેનેજર

## ધો.–12 સામાન્ય પ્રવાહ પછી મળતી શિષ્યવૃતિઓ

- **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) (www.mysy.guj.nic.in)**

  આ યોજના અંતર્ગત ગુજરાત રાજ્યમાંથી તેમજ માન્ય બોર્ડમાંથી ધોરણ–12 સામાન્ય પ્રવાહમાં 80PR કે તેથી વધુ મેળવનાર વિદ્યાર્થીઓ કે જેમના પરિવારની કુલ વાર્ષિક આવક Rs. 6,00,000/- થી ઓછી હોય અને સરકાર માન્ય SFI કોલેજ કે યુનિવર્સિટીમાં પ્રવેશ મળેલ હોય તેવા વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા નિયત કરેલ રકમ દર વર્ષે મળવાપાત્ર છે.

  **જો વિદ્યાર્થી ફેઈલ થશે અથવા 50% કરતા ઓછા માર્ક્સ આવશે તો તે સેમેસ્ટરમાં MYSY નો લાભ મળશે નહી.**

  વિદ્યાર્થીએ સત્રની શરૂઆતમાં પુરી ફી ભરવાની હોય છે. જ્યારે સરકારશ્રી દ્વારા અરજીની તારીખ જાહેર કરવામાં આવે ત્યારે વિદ્યાર્થીએ નિયત સમય મર્યાદામાં ઓનલાઈન અરજી કરી રૂબરૂમાં MYSY હેલ્પ સેન્ટર ખાતે ડોક્યુમેન્ટ્સ જમા કરાવવાના રહેશે. ત્યારબાદ આશરે એક માસની અંદર ડાયરેક્ટ વિદ્યાર્થીના એકાઉન્ટમાં જ સ્કોલરશીપની રકમ જમા થાય છે.

- **SC/ST (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ)**

  આ કેટેગરીના તમામ વિદ્યાર્થીઓ કે જેમના પરિવારની કુલ વાર્ષિક આવક Rs. 2,50,000/- થી ઓછી હોય તેમને સરકારશ્રી દ્વારા નિયત કરેલ રકમની સ્કોલરશીપ દર વર્ષે આપવામાં આવે છે આ ઉપરાંત નિભાવ ખર્ચ પણ મળવાપાત્ર છે.

- **NT/DNT (વિચરતી અને વિમુક્ત)**

  આ જાતિઓના વિદ્યાર્થીઓ કે જેમના પરિવારની કુલ વાર્ષિક આવક Rs. 2,00,000/- કરતા ઓછી હોય એમને સરકારશ્રી દ્વારા નિયત કરેલ રકમની સ્કોલરશીપ દર વર્ષે આપવામાં આવે છે. પ્રવેશ મળ્યા બાદ નિયત સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરવાની રહેશે.

- **પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ**

  ગુજરાત સરકાર દ્વારા SEBC જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ આપવામાં આવે છે. Digital Gujarat Portal (www.digitalgujarat.gov.in) મારફતે વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કરવાની હોય છે. આ યોજનામાં જે કેટેગરી લાગુ પડતી હોય તેની માહિતી વિદ્યાર્થીએ કોલેજમાંથી મેળવી નિયત સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે. સરકારશ્રી દ્વારા નિયત કરેલ રકમની સ્કોલરશીપ દર વર્ષે આપવામાં આવે છે.

- શિષ્યવૃતિની વધુ માહિતી માટે www.digitalgujarat.gov.in

## Career Opportunities

| | | | | | |
|---|---|---|---|---|---|
| Startups | Banking | Finance | Education | Marketing | Entrepreneurial ventures |
| Insurance | IT | Manufacturing | Marketing Research | Recruitment | Retail |
| Automation | Consultancy | E-Commerce | Graphic Design | Print Media | Journalism |

આ બુકલેટનો ઉદ્દેશ માર્ગદશન માટે છે. બુકલેટમાં આપેલ માહિતી માટે પૂરતી કાળજી લેવામાં આવી છે, તેમ છતા કોઈપણ ભુલચૂક હોય તો તેના માટે અમે દીલગીર છીએ. વિદ્યાર્થીઓને અપીલ છે કે પોતાની આર્થિક, કૌટુંબિક, શારીરિક અને બૌદ્ધિક ક્ષમતાના આધારે માતા–પિતા સાથે ચર્ચા કરીને કેરીયરની પસંદગીનો નિર્ણય કરવો જોઈએ.

Darshan UNIVERSITY
योग: कर्मसु कौशलम्

**University Campus**
Rajkot-Morbi Highway,
Rajkot – 363650
9727747310 / 11
www.darshan.ac.in

**Counseling Centre**
401, Lotus Arcade, 8 - Royal Park,
Between KKV Circle & Indira Circle
150 Ft. Ring Road, Rajkot - 360005.
7096979973, 9909312335